
# સિલ્કમાંથી તૈયાર કરે અનેક પ્રકારના કાપડ એક જ પરિવારની ચાર પેઢીની અનોખી સફર

**સુરતે ટેકસટાઈલ નગરી તરીકે દેશ અને વિદેશમાં આગવી ઓળખ ઉભી કરી છે. અહીં પોલીએસ્ટર, ક્રેપ, સાડીનું પ્રિન્ટેડ વગેરે કાપડનું ઉત્પાદન થાય છે પણ સુરતમાં સિલ્કનું કાપડ બનાવનાર વ્યવસાયકર્તા જૂજ છે. તેમાં રામપુરાના એક પરિવારની ત્રીજી અને ચોથી પેઢી 50 વર્ષથી સિલ્કનું ઉત્પાદન કરી રહી છે. તેમણે બનાવેલા કાપડની સાડી નિતા અંબાણી અને આલિયા ભટ્ટે પણ પહેરી છે. તેઓની બીજી એક ખાસિયત માત્ર 90 ગ્રામ વજનની સાડી પણ નોંધપાત્ર છે. સૌથી મહત્વની વાત આ પરિવારની પ્રથમ પેઢીએ કાપડ રંગવાના કામથી વ્યવસાયની શરૂઆત કરી હતી. પછી તેઓએ કેમ કાપડ રંગવાનું કામ છોડીને સિલ્ક કાપડ ઉત્પાદન તરફ પ્રયાણ કર્યું તે જાણીએ. તેઓ સોયાબીન સહિત વિવિધ રીતે કાપડ તૈયાર કરે છે. તો ચાલો સિલ્કમાં ઈનોવેટિવ કરવા માટે સાહસ કરતા આ વ્યવસાયકર્તા વિશે જાણીએ...**





Succcess મંત્ર







## મૂળ વ્યવસાય કાપડ રંગવાનો હતો

સુરતમાં સિલ્કનું કાપડ બનાવનારા જૂજ સંખ્યામાં છે. તેમાં કિરીટભાઈ રંગરેજની પેઢી લગભગ 50 વર્ષથી આ ધંધા સાથે જોડાયેલી છે. તેમના દાદા ડાહ્યાભાઈ આઝાદી પહેલાંના વર્ષોથી કાપડ રંગવાના કામ સાથે જોડાયા હતાં. અગાઉ તેઓ ચાંદી લે-વેચનું કામ કરતાં પણ એ વખતે સુરતમાં 10થી 12 જણા જ કાપડ રંગવાનું કામ કરતાં ત્યારે આ બિઝનેસમાં ભવિષ્ય દેખાતા તેઓએ કાપડ રંગવાના ધંધામાં નસીબ અજમાવ્યું તેઓ ચોક બજાર અને ઝાંપા બજારની ટેકસટાઈલની દુકાનોમાંથી કાપડ મજૂરી કામ પર લાવી રામપુરાના ઘરમાં તપેલા ડાઈંગ કરીને કાપડ રંગતા અથવા કાપડ વેચાતું લાવીને પણ કાપડને રંગવાનું કામ કરતાં. ત્યારે ટાફેટા અને ફલાદીન કાપડ રંગવાનું કામ કરતાં ખાસ તો ભૂરા અને બ્લેક કલરની ટોપી રંગવામાં આવતી. ડાહ્યાભાઈના દીકરા હસમુખલાલ અને હસમુખલાલની પત્ની ચંપાવતીબેન ઘરમાં તપેલમાં હેન્ડ પ્રોસેસ્ડ કાપડ રંગવાનું કામ કરતા. ત્યારે પરિવારની આર્થિક સ્થિતિ બહુ સારી નહીં હતી. વળી, પછી તો સુરતમાં ડાઈંગ મિલો ચાલુ થઈ એટલે મશીનરી પ્રોસેસ સામે કાપડ રંગવાની હેન્ડ પ્રોસેસ ટક્કર ઝીલી શકે એમ નહીં હતી એટલે રંગવાનું કામ 1985થી બંધ કર્યું. ત્યારે હસમુખલાલે સિલ્ક કાપડ બનાવવાના બિઝનેસમાં ઝંપલાવ્યું.

## વીંટીમાંથી પસાર થાય તેવી સિલ્ક સાડી સુરતમાં હજી બને છે

ઘણી વખત સાંભળવામાં આવ્યું છે કે, પહેલાં વીંટીમાંથી પસાર થઈ જાય તેવી સાડી બનતી. આ વાત જાણીને આપણને નવાઈ લાગતી કે વીંટીમાંથી પસાર થઈ જાય એવી પાતળી સાડી પણ બનતી! તો તમને જણાવી દઈએ કે, હજી પણ આવી સાડી સુરતમાં બને છે. ઋષિ રંગરેજ અને તેમના પિતા કિરીટભાઈએ જણાવ્યું કે, અમે 90 ગ્રામની સિલ્કની સાડી બનાવી છીએ. રેશમના કીડામાંથી રેશમ નીકળે તેમાંથી સિલ્કનું કાપડ બનાવાય છે તેને વ્હાઈટ કરવામાં આવે એટલે તે કાપડ પરની કીડાની લાળ ધોવાઈ જાય એટલે કાપડનું વજન ઘટે. અમે 90 ગ્રામ સાડીનું કાપડ બનાવીએ તે સાડી કલર થવા માટે જયપુર, જોધપુર જાય. આવા કાપડમાંથી લહેરિયા સાડી બનતી હોય છે.

## નિતા અંબાણી માટે અહિંસા સિલ્કનું કાપડ, આલિયા ભટ્ટની સાડી માટે પણ અહીંનું સિલ્ક કાપડ હતું







અંબાણી કોર્પોરેટ હાઉસના ડિઝાઈનર નીતા અંબાણી માટે સાડી ડિઝાઈન કરવા સુરત આવીને અહિંસા સિલ્કનું કાપડ લઈ ગયા હતા. 2023ના વર્ષમાં રિલીઝ થયેલી ફિલ્મ રોકી ઔર રાનીમાં આલિયા ભટ્ટે પિંક, ગ્રીન અને પેરોટ કલરની સિલ્ક સાડી પહેરી હતી તેનું કાપડ પણ અહીંથી જોધપુર કલર પ્રોસેસિંગમાંથી ગયું હતું પછી તેની બનેલી સાડી મુંબઈ ગઈ હતી.

## સિલ્ક કાપડ બનાવવાના વ્યવસાયમાં આ રીતે આવ્યા





ઋષિભાઈ અને તેમના પિતા કિરીટભાઈ રંગરેજે જણાવ્યું કે, ડાહ્યાભાઈની પેઢીથી કાપડ રંગવાનું કામ ચાલતું હતું. સુરતના વરાછા સ્થિત ધનામિલ સૌથી પહેલા સુરતમાં સિલ્ક લાવ્યા હતાં એમને ત્યાંથી અમારા એક રિલેટિવને ત્યાં સિલ્ક બનાવવાનો ધંધો આવ્યો હતો. અમારા આ રિલેટિવ સાથે અમારી કાપડ રંગવાને લઈને પાર્ટનરશિપ હતી. આ રિલેટિવે સિલ્ક વિવિંગ માટે પ્રોત્સાહિત કરતા 1975થી અમે સિલ્ક ઉત્પાદનના બિઝનેસમાં આવ્યા. સિલ્કનું કાપડ વ્હાઈટમાં બનતું જેની પર અમારા રંગવાના કામના કલર નહીં લાગી જાય તે માટે અમે કાપડ રંગવાનો વ્યવસાય છોડી દીધો. કાપડ રંગવાના વ્યવસાયમાં પૈસા પણ ઓછા મળતા જ્યારે સિલ્ક ઉત્પાદનમાં ભવિષ્ય હતું એટલે અમે સિલ્કનું કાપડ બનાવવાનો વ્યવસાય અપનાવી લીધો.

## મલાઈ, સોયાબીન, ગુલાબ, પાઈનેપલના યાર્નમાંથી બનાવ્યું કાપડ





ઋષિ રંગરેજ નવા નવા પ્રયોગ કરવાનું બીડું ઝડપતા હોય છે. લગભગ 2011માં સોયાબીનના યાર્નમાં સિલ્ક એડ કરીને સોયાસિલ્ક કાપડ બનાવ્યું. આ ઉપરાંત 2013માં દૂધની મલાઈના યાર્નમાં પણ સિલ્ક મિક્સ કરીને દૂધની મલાઈના યાર્નમાંથી કાપડ બનાવ્યું. પાઈનેપલ અને રોઝના યાર્નમાંથી પણ આ પ્રકારનું કાપડ બનાવ્યું હોવાનો તેઓનો દાવો છે. આવા કાપડની સાડીની ડિમાન્ડ સેલિબ્રિટી માટે તેમના ડિઝાઈનર કરતા હોય છે. આવું કાપડ તેઓ ઓર્ડર મળે તો જ પ્રોસેસ કરે છે. તેઓએ ટેકસટાઈલ ડિપ્લોમા કર્યો છે તેમના પ્રોફેસર આવા એક્સપરિમેન્ટ માટે પ્રેરણા આપતા.

---

મેરી સુરત દેખો આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**‘સુરત’ - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં ‘સિટીપલ્સ’માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..**




## આવ રે વરસાદ, ઢેબરીયો વરસાદ, ઊની ઊની રોટલી ને કારેલાનું શાક! આવ રે વરસાદ, નેવલે પાણી, નાઠી છોકરી દેડકે તાણી !


જ્યાં નથી પાણી ત્યાં છે જીવન ધૂળધાણી, વરસાદ વિના તો રહેવું પડે જેમ ઝેર પીધા છે જાણી-જાણી... ઉનાળાનો ઉકળાટ યાદ કરાવે ‘મેઘા’ને, જો આવે નહીં વરસાદ તો જીવ જવા માંડે...પડ્યો છે વરસાદ અને ખુશ થયા છે અબાલ-વૃદ્ધ, આભમાંથી પડતા પાણીના ટીપાં જાણે લાગે છે અમૃત... છત્રીની નીચે અને પ્રિયતમાની સાથે હોય જ્યારે બેઠા અને પડે વરસાદ તો જાણે લાગે સ્વર્ગમાં બેઠા... દેડકાઓ પણ પડતા વરસાદને જોઈ કરે ડ્રાઉં ડ્રાઉં, મનમાં એમ થાય કે કાગળની હોડીઓ બનાવીને તરાવું... પડતો હોય વરસાદ અને આવે ભારે પવન, છત્રી થાય કાગડો અને ખુશ થાય મન... જો આવે વરસાદ તો જ જીવાય જીવન, નહીં તો ધરતી થશે સુની અને નહીં રહે જીવન...

---

# ચોમાસામાં ટ્રેન્ડિંગ ફૂટવેર સુરતીઓની પહેલી પસંદ

LifeStyle Trends

છેલ્લાં કેટલાક દિવસોથી વરસાદની રાહ જોવાઈ રહી હતી. સોમવારની સાંજથી વરસાદે ધબધબાટી બોલાવતા સુરતીઓને વરસાદમાં ભીંજાઈ લેવાનું મન થઈ ગયું હતું. જોકે, રોજ તો વરસદમાં ભીંજાઈ ના શકાય એટલે સુરતીઓએ રેઈનકોટ, છત્રી ખરીદવાનું શરૂ કરી દીધું છે. તેની સાથે વરસાદી ફૂટવેરનું પણ શોપિંગ થઈ રહ્યું છે. સુંદર મજાના, આકર્ષક ફૂટવેર હોય તો પગની સુંદરતા તો વધે જ સાથે પગ વરસાદી પાણી અને કિચડથી ખરાબ પણ નહીં થાય. સુરતી ફેશનેબલ યુવતીઓ અને કિડઝ માટે શૂઝ, સેન્ડલ્સ, ક્રોક્સ, ક્લોગમાં શું નવું ટ્રેન્ડિંગ છે તેના વિશે આપણે જાણીએ...




## લેસ અપ ફૂટવેર દેખાવે આકર્ષક હોવાની સાથે વરસાદમાં લપસતા બચાવે છે

આ એવા શૂઝ છે જેને બાંધવા માટે સામેની સાઇડમાં લેસ હોય છે. આ શૂઝ ખાસ તો વરસાદી પાણીથી બચાવ અને લપસવાથી બચાવવા માટે ડિઝાઇન કરાયા છે. આ શૂઝ પ્લાસ્ટિક, વોટરપ્રૂફ લેધર અને રબરના બનાવાય છે. જેનાથી પગની અંદર વરસાદી પાણી નથી જઈ શકતું એટલે પગ સુરક્ષિત રહે છે. આકર્ષક રંગોમાં મળતા આ શૂઝ સુરતી ફેશનેબલ યુવતીઓમાં ટ્રેન્ડી બન્યા છે. વરસાદી સિઝનમાં પાણીથી બચવા માટે એંકલ લેન્થ અથવા ઘૂંટણ સુધીના લેસઅપ બૂટ્સ ઉપરાંત વોટરપ્રૂફ મટિરિયલથી બનાવવામાં આવતા સ્નીકર્સ પણ ડિમાન્ડમાં છે.

## ટ્રેન્ડી જેલી શૂઝ અને ફ્લેટ્સ આકર્ષક શૂઝ છે

સુરતી યુવતીઓમાં ટ્રેન્ડી જેલી શૂઝ અને ફ્લેટ્સ PVC પ્લાસ્ટિક અથવા સિલિકોનથી બનાવવામાં આવેલા પારદર્શક શૂઝ વરસાદી સિઝનમાં ટ્રેન્ડી બન્યા છે. 90ના દસકામાં આ શૂઝનો ટ્રેન્ડ હતો જે ફેશન હવે પાછી ફરી છે. આ શૂઝ આકર્ષક તો છે જ સાથે વજનમાં પણ ખૂબ હલકા હોય છે અને પ્લાસ્ટિકની સામગ્રીથી બન્યા હોવાથી વરસાદથી પગ ભીના થતા બચે છે.



આ શૂઝ કેઝ્યુઅલ ડ્રેસ સાથે પહેરવા સારા લાગે છે. તે હૂબહૂ કાંચના શૂઝ જેવા જ દેખાય છે. જાળીદાર ડિઝાઇનવાળા જેલી ફ્લેટ્સ ઘણા ટ્રેન્ડમાં છે અને સ્ટાઇલિશ લુક આપે છે. આ શૂઝ ટ્રાન્સપરન્ટ ક્રિસ્ટલથી લઈને કોરલ પિન્ક, બ્લુ અને નિયોન રંગમાં બજારમાં મળી રહે છે.

## વરસાદી સિઝનમાં વોટરપ્રૂફ ક્લોગ્સ બાળકોની પસંદ



વરસાદ હવે પોતાનો રંગ દેખાડવા લાગ્યો છે. વરસાદી સિઝનમાં બાળકોને રેઇનકોટ જોઈએ એ સાથે ફૂટવેરમાં પણ બાળકોને નવું જ જોઈએ. આ રેઇની સીઝનમાં બાળકોમાં વોટરપ્રૂફ કોલગ્સ ટ્રેન્ડિંગ છે. તે EVA મટિરિયલથી બનેલા, વજનમાં હલકા અને ઝડપથી સુકાઈ જાય છે. આવા કલરફૂલ કલોગ્સ પર કાર્ટૂન પ્રિન્ટ પસંદ કરી રહ્યા છે. પુરૂષોમાં પણ મોનસૂન ફિશરમેન શૂઝ, સ્નીકર્સ , ક્રોક્સની ડિમાન્ડ થઈ રહી છે.

---

**સુરતને સમૃદ્ધ બનાવવામાં પારસી કોમનો ફાળો બહુ મોટો રહ્યો છે અને પારસીઓનું ગૌરવ ગણાતા ‘અરદેશર કોટવાલ’એ સુરતનું એક જમાનાનું હીર હતા. જેમણે સુરતમાં રેલ હોય કે આગ લાગી હોય કે દુકાળ હોય; છતાં પોતે કષ્ટ ભોગવીને પણ સુરતની સેવા કરી. તેમનાંથી પ્રભાવિત થઈને સહજાનંદ સ્વામીજીએ તેમને પોતાની પાઘડી આપી હતી. તો આવો આજે સુરતના એ વીર સપૂતની વાત જાણીએ...**

# સુરતનું ગૌરવ પારસી વીર અરદેશર કોટવાળ

સુરતને સોનાની મૂરત બનાવવામાં પારસીઓનો સિંહફાળો રહ્યો છે. આજે ભલે સુરતમાં પારસીઓની વસ્તી ઓછી થઈ રહી હોય પણ ઈતિહાસના પાનાઓમાં અને સુરતીઓના દિલમાં આ દૂધમાં સાકરની જેમ ભળી ગયેલી પ્રજા હંમેશાં સર્વોચ્ચ રહી છે. પારસીઓની ઈમાનદારી, સખાવત અને ઉદ્યોગસાહસિકતા સુરતની એક ઓળખ છે. સુરતી ખાનપાન, ભાષા અને મિજાજમાં જે મીઠાશ અને મોજીલો અંદાજ જોવા મળે છે, તેમાં પણ પારસી સંસ્કૃતિનો બહુ મોટો ફાળો રહ્યો છે. આવાં જ એક પારસી વીર જેમનાં નામ પરથી સુરતનાં મધ્ય કહી શકાય એવા વિસ્તાર મક્કાઈ પૂલથી ગાંધી બાગ જતા રસ્તાનું નામ “અરદેશર કોટવાળ માર્ગ”છે. ઉપરાંત સિટીલાઈટ વિસ્તારમાં એક બાગનું નામ પણ તેમનાં નામ પરથી છે. પણ આજે સુરતીઓની જીભ પરથી એ નામ ભૂંસાઈ ગયું છે, એ નામ એટલે ખાનબહાદુર અરદેશર ધનજીશાહ કોટવાળ...



અરદેશરજીને સ્વામી સહજાનંદ તરફથી ભેટમાં મળેલી પાઘડી



અરદેશર કોટવાળનો જન્મ ૨૯ જૂન, ૧૭૯૭નાં રોજ સુરતનાં પ્રતિષ્ઠિત પારસી પરિવારમાં થયો હતો. તેમના પિતા ધનજીશાહ બરજોરજી ઈસ્ટ ઈન્ડિયા કંપનીમાં પોલિટિકલ એજન્ટ હતા. તેમણે ૧૮૧૦માં માંડવીના બળવા વખતે વીરગતિ પ્રાપ્ત કરી હતી. પિતાની શહાદત બાદ તેમની માતાને રાજકીય પેન્શન મળતું હતું, જે મેળવનાર તેઓ પ્રથમ પારસી મહિલા હતા.

અરદેશરજી વ્યાયામના શોખીન, બહાદુર અને સાહસિક હતા. તેમની કદકાઠી પણ સારી હતી. ત્રેવીસ વરસની ઉંમરે તેમણે સુરતની અદાલતમાં કારકૂન તરીકે કારકિર્દી શરૂ કરી. ટૂંક સમયમાં તેમની કુશળતા જોઈને તેમને પહેલાં પરાંના કોટવાળ અને ત્યારબાદ ૧૮૨૧માં સમગ્ર સુરત શહેરના મુખ્ય કોટવાળ બનાવવામાં આવ્યા. તે સમયે સુરતમાં પિંઢારાઓ, લૂંટારાઓ અને ચોરોનો ત્રાસ સખ્ત હતો. અરદેશરજીએ પદ સંભાળતા જ કડક હાથે કામ લીધું. તેઓ સિપાઈઓ સાથે જાતે શહેરમાં રાઉન્ડ મારવા નીકળતા. તેમણે ગણતરીના મહિનાઓમાં જ કેટલાય ગુનેગારોને જેલના સળિયા પાછળ ધકેલી આપ્યા. તેમના શાસન માટે એવું કહેવાય છે કે અરદેશરજીના ભયથી ગુનેગાર તત્વો સુરત છોડી ગયા અને સુરતના નાગરિકો પોતાના ઘરના દરવાજા ખુલ્લા રાખીને સૂતા થયા.




**આવાં જ એક પારસી વીર જેમનાં નામ પરથી સુરતનાં મધ્ય કહી શકાય એવા વિસ્તાર મક્કાઈ પૂલથી ગાંધી બાગ જતા રસ્તાનું નામ “અરદેશર કોટવાળ માર્ગ” છે. ઉપરાંત સિટીલાઈટ વિસ્તારમાં એક બાગનું નામ પણ તેમનાં નામ પરથી છે**

અરદેશરજી માત્ર એક કડક પોલીસ અધિકારી જ ન હતા પરંતુ એક દયાળુ સંવેદનશીલ પ્રજાસેવક પણ હતા. સુરત પર જ્યારે પણ મુશ્કેલી આવી ત્યારે તેઓ અડીખમ ઊભાં રહ્યા. ૧૮૨૨ની ૨૧મી સપ્ટેમ્બરે શહેરના કોટના અગિયાર દરવાજામાં રેલનાં પાણી ઘૂસી ગયા હતા. એ રેલમાં એટલી ખુવારી થઈ હતી કે ઈતિહાસ તેને ‘મહાજગત રેલ’તરીકે ઓળખે છે. આ કપરી વેળાએ અરદેશર કોટવાલે છ દિવસ અને છ રાત ભારે મહેનત અને ખર્ચ કરીને સૈયદપૂરી ભાગોળ આગળ બેસીને ઠેકઠેકાણે મછવા મોકલીને ડૂબતા લોકોને બચાવ્યા અને તેમને ખોરાક-પાણી પહોંચાડ્યા. અરદેશરની સેવાને બિરદાવતા કોઈક અજ્ઞાત કવિએ ત્યારે લખ્યું,

***“ત્યારે છ - છ રાત્રી જાગે, છ - છ દહાડા ભૂખસુખ ત્યાગે,
ખડા રહીને જાન બચાવે, વીર અરદેશર.
એણે મછવા ભરાવ્યા, એને ખાનપાન વહેંચાવ્યા,
હજારોના જીવ બચાવ્યા, વીર અરદેશર.”***

સુરતના ઈતિહાસની એક ભયાનક આગ એટલે ૧૮૩૭ની આગ, જેમાં અડધું સુરત બળીને ખાક થઈ ગયું હતું. એ સમયે પણ અરદેશર કોટવાળે ખડેપગે આગ ઓલવવાની અને બેઘર બનેલા લોકોને આશ્રય આપવાની કપરી કામગીરી સંભાળી હતી. દુકાળ કે આર્થિક તંગીના સમયે ગરીબ માણસો મજબૂરીમાં લૂંટફાટ ન કરે તે માટે તેમણે પોતાના અંગત ખર્ચે શહેરમાં ‘ખીચડીના રસોડા’શરૂ કરાવ્યા હતા કારણ કે તેઓ એવું માનતા કે ભૂખ્યું પેટ જ ગુના કરાવે.

અરદેશરજીના જીવનનો એક ખૂબ પવિત્ર પ્રસંગ સ્વામિનારાયણ સંપ્રદાય સાથે પણ જોડાયેલો છે. જ્યારે સહજાનંદ સ્વામીજી સુરત પધાર્યા ત્યારે અરદેશરજીએ તેમના સદગુણોથી પ્રભાવિત થઈને તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. સહજાનંદ સ્વામી મહારાજ તેમની સેવાથી એટલા પ્રસન્ન થયા કે તેમણે અરદેશરજીને પોતાની પવિત્ર પાઘડી અને શ્રીફળ ભેટ સ્વરૂપે આપ્યા. ૧૯૦ વર્ષથી પણ વધુ સમય વીતી ગયો હોવા છતાં આજે પણ તે પાઘડી અરદેશરજી કોટવાળના પરિવારે સુરતમાં ખૂબ જતનપૂર્વક સાચવી રાખી છે અને દર વર્ષે ભાઈબીજનાં દિવસે સામાન્ય જનતા માટે તેના દર્શન યોજવામાં આવે છેતેમની અપ્રતિમ સેવાઓ બદલ બ્રિટિશ સરકારે તેમને “ખાનબહાદુર”નો ઈલ્કાબ આપ્યો હતો. ૧૮૫૬માં તેમનું અવસાન થયું હતું, પરંતુ સુરતનાં રક્ષક તરીકે તેનું નામ ઈતિહાસમાં અમર છે.

વારસાની વરિયાળી

**એ જમાનામાં સામાન્ય લોકો પાસે ઘડિયાળ ન હતી. પ્રજા સમય જાણી શકે તે માટે થઈને તેમણે બપોરે બરાબર બાર વાગ્યે સુરતનાં કિલ્લા પરથી તોપ ફોડવાની પ્રથા શરૂ કરાવી હતી.**